# ભિલોડા ગ્રામ પંચાયત કચેરીનો કથળેલો વહીવટ, પ્રજાજનો હેરાન પરેશાન

ભિલોડા,તા.૨૮

ભિલોડા ગ્રામ પંચાયત કચેરીનો કથળેલો વહીવટ હોઈ પ્રજાજનો હેરાન પરેશાન થઈ રહ્યા છે. સરપંચ, ડે.સરપંચ, કારોબારી અધ્યક્ષ અને બની બેઠેલા વહીવટદારો ઉપર ભારે રોષ રણચંડી બનીને આવેલી જાગૃત મહિલાઓએ ઠાલવ્યો હતો. મહિલાઓએ આજે બીજીવાર મોટી સંખ્યામાં એકત્રીત થઈ ગ્રામ પંચાયત કચેરીમાં ભારે હોબાળો મચાવતા વેપારીઓ અને લોકોના ટોળેટોળા એકત્રીત થઈ ગયા હતા.




ભિલોડા ગ્રામ પંચાયત કચેરીનો વિકાસ લક્ષી વહીવટ દિન-પ્રતિ-દિન કથળતા ચોમાસાની સિઝન દરમ્યાન પ્રજાજનો વ્યાપક રીતે હેરાન પરેશાન થઈ રહ્યા છે. ભિલોડા ગ્રામ પંચાયત કચેરીના મત વિસ્તારમાં તાજેતરમાં બનાવેલા સી.સી. રસ્તાઓ ઠેર-ઠેર બિસ્માર હાલતમાં હોઈ વાહન ચાલકો, રાહદારીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે. સ્ટ્રીટ લાઈટો ઠેર-ઠેર શોભાના ગાંઠીયા સમાન હોઈ રાત્રી દરમ્યાન પ્રજાજનો ભારે હાલાકી ચોમાસાની સિઝન દરમ્યાન ભોગવી રહ્યા છે. ચોમાસા દરમ્યાન ઠેર-ઠેર અસહ્ય ગંદકીનું સામ્રાજ્ય વધતા રોગચાળો ફેલાય તેવી દહેશત સેવાઈ છે. પીવાનું પાણી અનિયમીત, અપુરતા ફોર્સથી ક્યાંક-ક્યાંક ડહોળુ પાણી આવતુ હોવાના કારણે મહિલાઓ ત્રાહીમામ છે.

ભિલોડા ગ્રામ પંચાયત કચેરીમાં સત્તાધીશો, વહીવટદારો, અમુક સભ્યો અને ગ્રામ પંચાયત કચેરીમાં ફરજ બજાવતા અમુક ભ્રષ્ટાચારી કર્મચારીઓએ વ્યાપક ભ્રષ્ટાચાર આચર્યો હોવાની સર્વત્ર ભારે બુમરાણ સંભળાઈ છે.ઉચ્ચ કક્ષાના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે ન્યાયિક તપાસ હાથ ધરવામાં આવે તો મોટા પાયે કૌભાંડ બહાર આવી શકે તેમ છે.

ભિલોડા ગ્રામ પંચાયત મત વિસ્તારમાં બે નંબરીયા, રાજકીય નેતાઓ, કોન્ટ્રાક્ટરો અને ભ્રષ્ટાચારી અધિકારીઓની મીલીભગતથી ઠેર-ઠેર લાખ્ખો રૂપિયાના ખર્ચે સી.સી. રસ્તા બનાવવામાં આવે છે ત્યારે વીજીલન્સ તપાસ હાથ ધરાય તો મોટા પાયે ભ્રષ્ટાચાર બહાર આવી શકે તેમ લોકમુખે ચર્ચાય રહ્યું છે. સી.સી. રોડમાં વ્યાપક ભ્રષ્ટાચાર ચાલતો હોવાથી તાજેતરમાં બનાવેલા સી.સી. રોડ તુટતા પ્રજાજનો પરેશાન છે.

સી.સી. રોડ બનાવવામાં વ્યાપક ભ્રષ્ટાચાર થઈ રહ્યો હોવાનો જાગૃત ગ્રામજનોનો આક્ષેપ ખરેખર ચોમાસા દરમ્યાન સાચી રીતે પુરવાર થઈ રહ્યો છે.માર્ગો ઉપર ઠેર-ઠેર મસમોટા ગાબડા છે. રોડમાંથી કપચી બહાર નીકળી ગઈ છે. રોડ સાવ ધોવાઈ ગયા છે. જાગૃત ગ્રામજનોએ જણાવ્યું હતું કે તાજેતરમાં બનાવેલા માર્ગો પ્લાન એસ્ટીમેન્ટ મુજબ બન્યા નથી ત્યારે મટીરીયલને લેબોરેટરીમાં ચેક કરવામાં આવે તો વ્યાપક ભ્રષ્ટાચાર બહાર આવી શકે તેમ છે. બે નંબરીયા કોન્ટ્રાક્ટરો ટેન્ડરમાં બતાવ્યા મુજબ કામકાજ કરતા નથી તેમ લોકમુખે ચર્ચાય છે.

અંધેરી નગરી અને જાણે કે ગંડુ રાજા જેવો વહીવટ ચાલતો હોવાની ભારે બુમરાણ છે. ભિલોડા ગ્રામ પંચાયત કચેરીનો વહીવટ દિન-પ્રતિ-દિન કથળતા પ્રજાજનોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. સત્તાધીશો વ્યાપક ભ્રષ્ટાચાર આચરતા હોવાના કારણે ટુંક સમયમાં જાહોજલાલી કરતા જોવા મળી રહ્યા હોવાનો આક્ષેપ જાગૃત મહિલાઓએ કર્યો હતો.



## ૧૪મી સપ્ટેમ્બરે સાબરકાંઠામાં લોક અદાલત યોજાશે

હિંમતનગર, તા. ૨૮

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના નેજા હેઠળ આગામી તા. ૧૪-૯-૨૦૧૯ના રોજ જિલ્લાની તમામ કોર્ટોમાં લોક અદાલતનું આયોજન કરાશે. આ લોક અદાલતોમાં કોર્ટના પેન્ડીંગ તથા સમાધાન લાયક ફોજદારી કેસો, ચેક બાઉન્સ કેસ, બેંક લેણા, અકસ્માત ક્લેઈમ,, લગ્ન વિષયક કેસો સહીત અન્ય કેસોનો નિકાલ કરવાના પ્રયાસ કરાશે. જે કોઈ નાગરીકને લોક અદાલતમાં કેસ મુકવો હોય તો તેમણે જિલ્લાની કાનૂની સેવા સત્તા મંડળ અથવા તાલુકા કાનૂની સેવા સમિતિનો સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

## હિંમતનગરમાં ફ્રી નિદાન કેમ્પ યોજાશે

હિંમતનગર, તા. ૨૮


રોટરી ક્લબ હિંમતનગરના સહયોગથી તા. ૧ સપ્ટેમ્બરને રવિવારે મહાવીરનગર વિસ્તારમાં આવેલ રોટરી ફીજીયો થેરાપી સેન્ટર ખાતે હાડકાના રોગોનો મફત નિદાન કેમ્પ યોજાશે. જેથી જરૂરીયાતમંદ લોકોએ રોટરી ફીજીયો થેરાપી સેન્ટરનો સંપર્ક કરી જાણકારી મેળવી લેવા એક યાદીમાં જણાવાયુ છે.

# પોળોના જંગલોમાં ભારે વાહન લઈ જવા પર પ્રતિબંધ

## પર્યાવરણ જાળવણી અને જંગલોને પ્રદુષણમુક્ત બનાવવાની નેમ

ગુજરાતનુ મીની કાશ્મીર તરીકે ઓળખાતા અને ઐતિહાસિક ધરોહર સમાન પોળોના જંગલોને છેલ્લા ઘણા સમયથી લોકો પર્યટક સ્થળ તરીકે ઓળખીને ચોમાસામાં વધુ ઘસારો કરે છે. ત્યારે પર્યાવરણની જાળવણી અને આ જંગલોને પ્રદૂષણ મુક્ત બનાવવાના આશયથી તાજેતરમાં સાબરકાંઠાના કલેક્ટરે જાહેરનામુ બહાર પાડીને પોળોના જંગલોમાં સહેલગાહે આવતા પર્યટકો માટે ભારે વાહનો લઈ જવા પર પ્રતિબંધ મુકી દીધો છે. જેને પર્યાવરણ પ્રેમીઓએ આવકારીને તંત્રની સરાહના કરી છે. જોકે તંત્ર દ્વારા પોળોના જંગલોને સલામત રાખવા માટે અનેકવિધ પગલા લેવાઈ રહ્યા છે. ત્યારે આમ પ્રજાએ પણ સહયોગ આપવો રહ્યો.

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં આવેલા પોળોના જંગલોમાં અત્યારે વરસાદ પડતાની સાથે જ વનરાજી સોળે કળાએ ખીલી ઉઠ્યું છે. તેમજ જંગલોમાંથી પસાર થતી હરણાવ નદીને મળતા પાણીના ઝરણાંનો કર્ણપ્રિય અવાજ પ્રવાસીઓને ખુબજ આકર્ષી જાય છે. એટલુ જ નહી પણ રક્ષિત જંગલોમાં વરસાદને કારણે ઉનાળામાં સુકાઈ ગયેલી ઔષધિય વનસ્પતિ ફરીથી સજીવન થઈ જાય છે. દરમ્યાન દર ચોમાસામાં પોળોના જંગલોની સહેલગાહે દૂર દૂરથી લોકો વાહનો લઈને આવે છે.



આ પર્યટકો મોટાવાહનો લઈને આવતા હોવાથી પોળોના જંગલોમાં ટ્રાફીકની સમસ્યા સર્જાય છે. કારણ કે સાંકડા રસ્તા અને ઢોળાવવાળા રસ્તાઓને લીધે વાહન અકસ્માત પણ થાય છે. તો બીજી તરફ પર્યટકો દ્વારા ખાણી-પીણી માટે જે પ્લાસ્ટિકના પાઉચમાં લવાતી ખાદ્યચીજોનો બગાડ અહી ફેંકી દેતા હોવાને કારણે પર્યાવરણને ખુબજ ગંભીર અસરો પહોંચે છે. કેટલાક પ્રવાસીઓ તો પોતાના આનંદ ખાતર જંગલોની વનસ્પતિનું નિકંદન કાઢી નાખે છે. જેથી સાબરકાંઠાના કલેક્ટરે પોળોના જંગલોને સુરક્ષિત રાખવા માટે તાજેતરમાં જાહેરનામુ બહાર પાડ્યુ છે.

કલેક્ટરે બહાર પાડેલા આ જાહેરનામામાં જણાવાયા મુજબ પ્રવાસીઓ ફોર વ્હીલર કે અન્ય ભારે વાહનો લઈને પોળોના જંગલોમાં પ્રવેશ થઈ શકશે નહી. જોકે સરકારી વાહનો અને સ્થાનિક લોકોને છુટ આપવામાં આવી છે. જંગલોને બચાવવા માટે કલેક્ટરે કરેલી કાર્યવાહીને જિલ્લાના અનેક પર્યાવરણ વિદોએ આવકારી છે. ઉલ્લેખનીય છે કે વનવાસી વિસ્તારોમાં હોળીના તહેવારો બાદ જે લોકો ડુંગરાઓને નવડાવવા માટે અંધશ્રદ્ધાથી પ્રેરાઈને જંગલોમાં આગ લગાડે છે તેવા લોકોમાં હજુ પણ વધુ જાગૃતિ લાવવા માટે તથા મહામુલી ઔષધિય વનસ્પતિ નષ્ટ ના પામે તે માટે વહીવટીતંત્ર તથા પર્યાવરણવિદોએ વધુ જાગૃતિ લાવવાના પ્રયાસો કરીને જંગલો બચાવો અભિયાનને વધુ વેગવંતુ બનાવવાની સમયની માંગ છે. જાહેરનામાનો ભંગ કરનાર વાહનચાલકો સામે ભારતીય દંડ સહિતા-૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ કજા અને દંડ પણ કરવાનો જોગવાઈ કરાઈ છે.

## હિંમતનગરમાં ૪, તલોદમાં ૩ અને વિજયનગર-પ્રાંતિજમાં ૨ ઈંચ વરસાદ

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણેક દિવસથી મેઘમહેર યથાવત રહેતા ખેતીના પાકોને પુષ્કળ ફાયદો થઈ રહ્યો છે. ત્યારે સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં એક ઈંચથી ચાર ઈંચ વરસાદ પડતા જાણે ચોમાસુ ખીલી ઉઠ્યુ હોય તેમ લાગી રહ્યું છે. જોકે છેલ્લા કેટલાક દિવસથી શાંત રીતે પડી રહેલા વરસાદને કારણે કોઈ જાનહાની થવા પામી નથી. સતત પડી રહેલા વરસાદથી ખેતીના પાકોને પુષ્કળ ફાયદો થયાનુ ખેડૂતવર્ગ કહી રહ્યો છે. જોકે જિલ્લામાં અત્યાર સુધી સૌથી વધુ વરસાદ હિંમતનગરમાં ૪ જ્યારે તલોદમાં ૩ અને વિજયનગર-પ્રાંતિજમાં ૨ ઈંચ વરસાદ વરસ્યો છે.

જિલ્લા ડિઝાસ્ટર વિભાગના સુત્રોના જણાવાયા મુજબ સાબરકાંઠામાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન હિંમતનગર ૮૯, તલોદમાં ૭૩, વિજયનગરમાં ૫૦, પ્રાંતિજમાં ૫૦, પોશીનામાં ૧૬, ઈડરમાં ૧૪ જ્યારે વડાલીમાં ૮ મીમી વરસાદ પડ્યો હતો. દરમ્યાન બુધવારે સવારથી બપોર સુધીમાં ખેડબ્રહ્મા પંથકમાં ૨૪ મીમી વધુ વરસાદ ખાબક્યો હતો. જ્યારે અન્ય સ્થળોની વાત કરીએ તો બુધવારે દિવસ દરમ્યાન વડાલી, વિજયનગર, હિંમતનગરમાં બે મીમી વરસાદ થયો છે.

# પ્રાંતિજ ત્રણ રસ્તાથી રેલ્વે સ્ટેશન રોડ પર મોટામસ ખાડા : તંત્ર ઘોર નિદ્રામાં


## ખાડામાં પાણી ભરતાં ખાડા ન દેખાતા કેટલાય વાહનચાલકોના હાડકાં ભાગ્યા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના હાર્ડ સમાન પ્રાંતિજ ત્રણ રસ્તા થી રેલ્વે સ્ટેશન સુધી ના રોડ ઉપર ઠેર-ઠેર મોટા મસ ખાડા પડયા તો અહીંથી રોજીદુ અવરજવર કરતાં નાના મોટા વાહન ચાલકો માં રોષ જોવા મળી રહ્યો છે તો એક બાજુ વરસાદી સીઝન હોવાથી ખાડાઓમાં કર્મચારીઓ તથા અધિકારીઓ અંહિથી રોજીદુ બે વાર અવરજવર કરે છે તો પણ આ ખાડા ઓ તેવો ને ના દેખાતા હોય તેવું હાલ તો જણાઈ



વરસાદ ને લઈને ખાડાઓમાં પાણી ભરતા ખાડા ના દેખાતા કેટલાય વાહન ચાલકો ખાડા માં પડતા હાકડા ભાગ્યા છે તો જવાબદાર તંત્ર જાણે રજુઆતો બાદ પણ હાલ તો ગોર નિદ્રામાં હોય તેવું જણાઈ આવે છે.

પ્રાંતિજ ત્રણ રસ્તા થી રેલ્વે સ્ટેશન સુધી નવીન બનેલ રોડમાં મોટામસ ખાડા પડી જતાં પાણી ભરતાં ખાડાઓ ના દેખાતા વાહન ચાલકો ખાડા ઓમાં પડતા હાકડા ભાગ્યા છે તો તેમણા વાહનો પણ પટકાતા મોટું નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે તો નવાઈ ની વાત તો એ છે કે આ રોડ ઉપર જ વિવિધ શાળા કોલેજો સહિત સરકારી કચેરીઓ આવેલ છે જેમાં પ્રાંન્ત અધિકારી , મામલતદાર સહિત ના સરકારી આવે છે તો જેની જવાબદારી છે તે આર.એમ.બી વિભાગ ની કચેરી પણ અંહિ જ આ રોડ ઉપર આવેલ છે અને કેટલીય વાર રજુઆતો કરવા છતા પણ તંત્ર ના બહેરા કાને અવાજ પોહચતો ના હોય તેવું હાલતો જણાઈ આવે છે કે પછી કોઈ મોટી ઘટના બનવા ની રાહ જોવાતી હોય તેવું હાલતો જણાઈ આવે છે.



## વિજયનગરના ચિઠોડા ત્રણ રસ્તે રોડ સાઈડનો રસ્તો ધોવાતા અકસ્માતનો ભય

વિજયનગર તાલુકાના ચિત્રોડા ગામે ત્રણ રસ્તા પર માર્ગ પર ટેલીફોન તંત્ર દ્વારા ટેલીફોન લાઈવ નાખવા માટે ખોદાયેલા ખાડાઓનું વરસાદના કારણે ધોવાણ થતા અહીં મોટા અકસ્માત સર્જાયો તેવી સ્થિતિ છે. ટેલીફોન ખાતા દ્વારા ડીઝીટલાઈઝશન માટે ચિઠોડાથી ભિલોડા તરફના માર્ગની સાઈડ ખોદી ટેલીફોન કેબલ નાખવામાં આવ્યા હતા. જે ખાડાનું પુરાણ નહીં થાય. આ ચોમાસામાં વરસાદ બાદ ખાડાઓનું ધોવાણ થતા વિજયનગર ચિઠોડા ભિલોડા ત્રણ રસ્તા પર અકસ્માત થવાનો સંભાવના રહે છે. જોકે પંચાયત દ્વારા હાલ પૂરતી માટી નાંખવામાં આવી છે. છતાં કોઈ અકસ્માત સર્જાય તે પહેલા તંત્ર દ્વારા ભવિષ્યમાં ખાડાઓ ના પડે તેવી કામગીરી કરવા સરપંચે માગણી કરી છે.

## કાંકરોલના શખ્સે કેમેરા ભાડે લઈ બારોબાર વેચી દેતા ફરીયાદ

હિંમતનગર તાલુકાના કાંકરોલના એક શખ્સે અંદાજે દોઢ માસ અગાઉ હિંમતનગર તાલુકાના નવા ગામના એક ઈસમ પાસેથી વિવિધ કંપનીઓના અંદાજે રૂ. ૪.૦૬ લાખના ૯ કેમેરા ભાડે લઈ તેને મુળ માલીકની જાણ બહાર અન્યને વેચી દીધા હતા. આ અંગે નવા ગામના ધવલકુમાર કલ્પેશભાઈ પરમારે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ દોઢેક માસ અગાઉ કાંકરોલ ગામના ચિરાગકુમાર સુરેશભાઈ સોલંકીએ તેમની પાસેથી વિવિધ કંપનીના અંદાજે રૂ. ૪.૦૬ લાખના ૯ કેમેરા ભાડાપટ્ટે લીધા હતા. જેનુ દૈનિક ભાડુ રૂ. ૫૦૦ આપવાનુ નક્કી કર્યુ હતુ. ત્યારબાદ ચિરાગકુમાર સોલંકીએ કેમેરા ભાડાપટ્ટે લીધા હતા ત્યારે ધવલકુમારને બેંકના ચેક વાહનોની આરસીબુકો ફિક્સ ડિપોઝીટનુ સર્ટી કે કેમેરા તેમની જાણ બહાર અન્યને વેચી દીધા હતા.



## અરવલ્લી જિલ્લામાં ભારે વરસાદથી જનજીવન પ્રભાવિત

અરવલ્લી જિલ્લામાં ભારે વરસાદને કારણે માલપુર મોડાસા મેઘરજ ધનસુરા બાયડ અને ભિલોડામાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભારાયા છે તો ક્યાંક કોઝવે પર પાણી ફરી વળ્યાના કિસ્સાઓ સામે આવ્યા છે. ત્યારે બાયડ તાલુકાના ગાબટથી સાઠંબા રોડ પર રૂપનગર પાસે કોઝવે પર પાણી ફરી વળતા બન્ને તરફના ૩૦ થી વધુ ગામોના લોકોને અવર જવર માટે ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ઉપરવાસમાં ભારે વરસાદને કારણે બાયડના ગાબટ સાઠંબા રોડ પર આવેલા રૂપનગર પાસે કોઝવે પર પાણી ફરી વળતા ગામ લોકોના ટોળેટોળા પાણી જોવા માટે ઉમટી પડ્યા હતા.

# વડગામથી છાપી રોડ પરના નાળાઓનું કામ એક વર્ષથી અધુરું

વડગામ, તા. ૨૮

વડગામ તાલુકાના વેપારી મથક છાપીને જોડતા રોડ પરના નાળાઓનુ કામ છેલ્લા એક વર્ષથી અધુરૂ છે અને આ કામ કોન્ટ્રાકટર અને અધિકારીઓના કારણે બાકી રહેતા વાહનચાલકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે અને અકસ્માત થવાની ભીતી પણ સેવાઈ રહી છે.

અંગે રોડ ખાતાના અધિકારીઓને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં તેઓ આખ આડા કાન કરી રહ્યા છે. તો બીજી બાજુ વડગામથી જતા મગરવાડા નજીક કોન્ટ્રાક્ટરે નાળાની ડીઝાઈન બદલી નાખતા ચોમાસાનું પાણી તેમના ધર્માભાઈ પરમારના ખેતરમાં જાય તે રીતે બનાવતા તેમણે કોર્ટમાં રજૂઆત કરી છે



તાલુકામથક વડગામથી તાલુકાના વેપારીમથક છાપીને જોડતા રોડ પરના નાળાઓનું કામ છેલ્લા એક વર્ષથી અધુરૂ પડ્યું છે. જેને લઈ રોજના હજારો વાહનચાલકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે અને અકસ્માત સર્જાય તેવી ભિતી તેમનામાં સેવાઈ રહી છે. ત્યારે આ અને જણાવ્યું હતું કે આ નાળાના કામની યોગ્ય તપાસ થાય અને જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાકટર સામે યોગ્ય પગલાં ભરવામાં આવે તેવી માંગ કરી હતી. ત્યારે સત્વરે આ નાળાઓનું કામ પૂરું થાય તેવી વાહનચાલકોની માંગ ઉઠવા પામી છે.

## પ્રાંતિજ સહિત તાલુકામાં વીજ ચેકિંગ હાથ ધરાયુ

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારે વીજ ચેકિંગ



હાથ ધરવામાં આવ્યું હતું જેમાં ૪૧ વીજચોરીના કનેકશન ઝડપાયા તો ૫ લાખ ૫૭ હજારનો દંડ ફટકારવવામા આવ્યો હતો.

મહેસાણા એડીશનલ ચીફ એન્જીનીયર તથા જિલ્લા હિંમતનગર વર્તુળ કચેરી તેમજ વિભાગય કચેરીના અધિકારીઓ જે.કે. દરજી, પી.સી. શાહ, કે.એચ. શાહના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ ડેપ્યુટી એન્જીનીયર એચ.એમ. પાઠક, જુનીયર એન્જીનીયર બી.કે. કાપડીયા, જુનીયર એન્જીનીયર એસ.વી. સોની સહિત પ્રાંતિજ સહિત તાલુકામાં ૧૬ ટીમો બનાવી વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં વ્હોરવાડમાંથી ૧૩ વીજચોરીના કનેકશનો તથા ગ્રામ્ય વિસ્તારોમાંથી ૨૮ વીજચોરીના કનેકશનો મળી કુલ-૪૧ વીજચોરીના કનેકશનો ઝડપાયા હતાં જેમાં કુલ ૫ લાખ ૫૭ હજારનો દંડ ફટકારવવામા આવ્યો હતો. આમ અચાનક વીજ કંપની દ્વારા વહેલી સવારે અચાનક ત્રાટકતા વીજ ચોરોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.